# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
# સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

**પ્રથમ વર્ષ કોમર્સ (B.Com. Sem-I) ગ્રાન્ટેબલ / સ્વનિર્ભર વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી**

જુન–૨૦૨૦ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે B.Com.Sem-I માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૦ થી ૦૬/૦૭/૨૦૨૦ |

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.rrmsclpc.org પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. કોમ્પ્યુટર વિષય પસંદ કરનાર વિદ્યાર્થીએ કોલેજની કુલ ફી ઉપરાંત વધારાના રૂા.૫૦૦/– કોલેજ માં ફી પેટે જમા કરાવવાના રહેશે.

૩. ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમાં માટે અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.
દરેક વિદ્યાર્થી કુલ ચાર ફોર્મ ભરી શકશે.(જરૂરીયાત અને ઈચ્છા મુજબ)
(૧) ગ્રાન્ટ ઈન એઈડ અંગ્રેજી માધ્યમ (૨) ગ્રાન્ટ ઈન એઈડ ગુજરાતી માધ્યમ
(૩) સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ અને (૪) સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ

૪. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈથી ભરવી.

૫. જે વિદ્યાર્થી ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં કેટેગરી વાઈઝ નીચે મુજબ ગુણ મેળવેલ હશે તેને સીધો પ્રોવિઝનલ પ્રવેશ ગ્રાન્ટ ઈન એઈડમાં મળશે.

૧ . જનરલ માટે – ૫૨૫ ૨. આર્થિક રીતે નબળા માટ(EWS )– ૪૯૦

૩. બક્ષીપંચ માટે –૪૯૦ ૪. અનુસુચિત જાતિ માટે – ૪૫૫

૫. અનુસુચિત જનજાતિ માટે– ૪૫૫–

– સ્વનિર્ભર વર્ગમાં જે વિદ્યાર્થી ૩૮૫ કે તેથી વધુ ગુણ મેળવેલ હશે તે વિદ્યાર્થીને :વનિર્ભર વર્ગમાં સીધો પ્રવેશ મળશે

**નોંધ:–** વર્ષ ૨૦૧૯–૨૦માં ૬૫.૭૧% મેરીટ સુધી પ્રવેશ મેળવેલ હતો.

– બી.કોમ સેમેસ્ટર-૧ સ્વ-નિર્ભર કોલેજ માં પ્રવેશ મેળવેલ હોય અને એ વિદ્યાર્થીનું ગ્રાન્ટ-ઇન- એઈડ કોલેજ ની પ્રવેશ માટેની મેરીટ યાદી માં નામ આવશે તો તેવા વિદ્યાર્થીએ સૌપ્રથમ ગ્રાન્ટ-ઇન-એઈડ કોલેજ ની ફી ભરવાની રહશે. ત્યારબાદ સ્વ-નિર્ભર માં મેળવેલ પ્રવેશ રદ કરાવવા માટે ઓનલાઈન અરજી કોલેજ ના ઈ-મેઈલ :- rrmsclpcpalanpur@gmail.com પર મોક્લવાની રહશે. આ અરજી સાથે સ્વ-નિર્ભર કોલેજ માં ભરેલ ફી ની પાવતી પણ જોડવાની રહશે.

Grant in aid fees for boys : 2100rs
Grant in aid fees for girls : 1500rs
Self finance fees : 7000rs ( for both Girls and Boys)

– **Seat matric**:
- – Commerce Granted English 2 Division (260 Seat)
- – Commerce Granted Gujarati 2 Division (260 Seat)
- – Commerce Self finance Gujarati 1 Division (130 Seat)
- – Commerce Self finance English 1 Division (130 Seat)

૬. પાલનપુર તાલુકાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો બંનેના મેરીટમાં ૧૫ ગુણ ઉમેરવામાં આવશે. તથા દરેક બહેનોને ૧૦ ગુણ તેમના મેરીટમાં ઉમેરી આપવામાં આવશે.

દા.ત. પાલનપુરની વિદ્યાર્થીની હશે તો તાલુકાના ૧૫ ગુણ તથા કન્યાના ૧૦ ગુણ એમ કુલ ૨૫ ગુણ મળવાપાત્ર રહેશે.

૭. મેરીટ માટે થીયરીના કુલ ૭૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ – ૭૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.

૮. ધોરણ–૧૨ ના મુખ્ય વિષયો નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા (બે માંથી કોઈ પણ એક) અને અર્થશાસ્ત્ર, ધંધાકીય ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને બેંકીંગ (ચાર માંથી કોઈ પણ એક) વિષય રાખેલ હોવો જોઈએ.

૯. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૧૦. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર કિલક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૧૧. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.મેરીટ યાદી તથા પ્રવેશ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.

૧૨. વિદ્યાર્થી પ્રવેશ મળેથી મેસેજ કે ફોન થી જાણ કરાશે. તે નિયત ફી ઓનલાઈન ભરી શકશે. વધુ માહિતી માટે કોલેજ પ્રોસ્પેકટ્સ જોવું. જે વેબસાઈટ www.rrmsclpc.org પર મૂકેલ છે.

૧૩. ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ સાથે કોલેજ દ્વારા જયારે જાણ કરવામાં આવે ત્યારે રીપોટીંગ કરવાનું રહેશે. નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.

૧. ધોરણ–૧૨ (હાયર સેકન્ડરી) પરીક્ષા પાસ કર્યાની માર્કસીટની પ્રમાણિત નકલ.
૨. ધોરણ–૧૨ પરીક્ષાના પ્રથમ પ્રયત્ને અથવા જેટલા પ્રયત્ને પસાર કરી હોય તે અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો.
૩. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૪. પછાતવર્ગના વિદ્યાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૫. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
૬. EWS (આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
૭. હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.

૮. પ્રવેશ ફોર્મ સાથે તાજેતરનો ફોટો લગાવવાનો રહેશે.
૯. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
૧૦. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.
અનામત બેઠકોમાં આવતા વિદ્યાર્થીઓએ જાતિનો દાખલો તથા અન્ય જરૂરી સર્ટિફિકેટ અપલોડ કરવાના રહેશે.

૧૪. જો તમારા અસલ ડોકયુમેન્ટમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ (ખોટી વિગતો /અધુરી માહિતી) માલુમ પડે તો પ્રવેશ આપોઆપ રદ થવા પાત્ર રહેશે અને ભરેલી ફી પરત મળશે નહી.

૧૫. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૦ પહેલાં પાસ કરી હોય અને વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૬. <u>અનામત બેઠકોની ફાળવણી:–</u> કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

૧. અનુસુચિત જાતિ માટે – ૭%　　૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫%

૩. બક્ષીપંચ માટે–૨૭%　　૪. આર્થિક રીતે નબળા માટે–૧૦%

૫. શારીરીક વિકલાંગ માટે–૩%

૧૭. <u>ફી ના ધોરણો :–</u> હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. પછાત વર્ગના અનુસુચિત જન જાતિ ( S.T. ) વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ફી બાબતના લાભ મળશે. વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.

૧૮. અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૧૯. કોલેજમાં વાણિજય વિભાગમાં પ્રથમ વર્ષમાં ૫૨૦ (અનુદાનિત) તેમજ ૨૬૦ (સ્વનિર્ભર) ની પ્રવેશ ક્ષમતા છે.

૨૦. ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૨૧. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૨૨. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવસિર્ટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

૨૩. ખોટી કે અધરૂી માહિતી આપનાર વિદ્યાર્થી નું ફોર્મ નિયમ અનુસાર રદ થશે. **પ્રવેશના નિયમો હેમ.ઉ.ગુજરાત** યુનિ. મજુબ ના રહશે.આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૨૪. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૧૧:૩૦ થી ૦૫:૩૦ કલાકનો રહેશે.

૨૫. મેરીટની ગણતરી કરતી વખતે કોમ્પ્યુટર પ્રેકટીકલના ગુણ ધ્યાન ઉપર લેવાશે નહી.

૨૬. પ્રવેશની કામગીરી યુનીવર્સીટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.

# B.Com. Sem. - I Admission Schedule for

# Academic Year-2020-21

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | ૧૩ /૦૭/૨૦૨૦ |
| ૨ | કોલેજમાં કે ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | ૨૦/૦૭/૨૦૨૦ |
| ૩ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | ૨૩/૦૭/૨૦૨૦ |
| ૪ | બીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | ૨૭/૦૭/૨૦૨૦ |
| ૫ | જરૂર પડે ત્રીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | ૩૦/૦૭/૨૦૨૦ |
| ૬ | ત્રીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | ૦૨/૦૮/૨૦૨૦ |

નોંધ:

૧. જરૂર પડશે તો ચોથી મેરીટ યાદી ઓનલાઈન કોલેજ ની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે તો વિદ્યાર્થી મિત્રો એ કોલેજ ની વેબસાઇટ જોતાં રેહવું.

૨. રીપોર્ટીગ સમયે વિદ્યાર્થીએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.

તા.૧૬/૦૬/૨૦૨૦

કો-ઓર્ડિનેટર અને કન્વીનર
**પ્રોફે. એસ.એન.જયસ્વાલ**
**(કોમર્સ એડમીશન કમિટી)**

**આચાર્ય**
**ડૉ.વાય.બી.ડબગર**